ગાંધીનગર સમાચાર
તા. ૭-૨-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

બદલાતા રાજકીય સમીકરણ

જેમ જેમ લોકસભાની સામાન્ય ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય વર્તુળોમાં હલચલ વધતી જાય છે. મુખ્ય રાષ્ટ્રીય પક્ષોએ પોતપોતાની વ્યૂહ રચના ઘડી કાઢી છે અને હવે ચૂંટણી ઢંઢેરાના મુસદ્દા ઘડવા ઉપરાંત ઉમેદવારો નક્કી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. એમની લગોલગ ત્રીજો મોરચો પણ રાજકીય ક્ષિતિજે ડોકાઈ રહ્યો છે. બે મુખ્ય ગઠબંધનો પૈકી વર્તમાન શાસનકર્તા સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) દસ વર્ષના એના શાસનકાળની સિદ્ધિઓ ગણાવવા ઉપરાંત અવનવી યોજનાઓ જાહેર કરી સત્તાની હેટ્રિક લગાવવાની આશા રાખે છે, પરંતુ એની સામે 'એન્ટિ ઈન્કમ્બન્સી' ફેકટર ઉપરાંત ભ્રષ્ટાચાર, મોંઘવારી અને બેરોજગારી તેમ જ આતંકવાદ જેવા મહત્વના મુદ્દાઓમાં મળેલી નિષ્ફળતાઓની લાંબી યાદી બલકે તહોમતનામું ઊભું છે. બીજા ગઠબંધન રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન 'એનડીએ'ના અનેક ઘટક પક્ષો એને છોડી ચૂક્યા છે છતાં મુખ્ય વિરોધ પક્ષ તરીકે ભાજપ કાઠું કાઢી રહ્યો હોઈ જૂના કેટલાક સાથીઓ પાછા ફરે એવી શકયતા ઊભી થઈ છે. વાજપેયી સરકાર વખતે આંધ્રપ્રદેશની તેલુગુ દેશમ પાર્ટી એનડીએનો જ ઘટક હતી, પરંતુ કાળ ક્રમે અન્ય ઘણા પ્રાદેશિક પક્ષોની જેમ ચંદ્રાબાબુ નાયડુની પાર્ટીએ એનડીએ સાથે છેડો ફાડી નાખ્યો હતો. હવે જયારે આંધ્ર પ્રદેશમાં તેલુગુ દેશમ પાર્ટી સાવ જ ઢાંસિયે ધકેલાઈ ચૂકી છે ત્યારે ચંદ્રાબાબુએ એનડીએ સાથે નવેસરથી જોડાણ કરી નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાનો લાભ લેવા કોશિશ કરી છે. તેમ છતાં, એનડીએની સાથે અગાઉની સરખામણીમાં ઘણાં ઓછાં પ્રાદેશિક પરિબળો હશે તે હવે ત્રીજા મોરચાની રચના અંગેની ચહલપહલ જોતાં સ્પષ્ટ થઈ ગયું છે. ત્રીજા મોરચામાં જોડાનારા પ્રાદેશિક પક્ષો બિનકોંગ્રેસી- બિનભાજપી પરિબળ તરીકે ઊપસવા માગે છે. વિવિધ સર્વેક્ષણોમાં આવો મોરચો બસો આસપાસ બેઠકો મેળવશે એવું તારણ નીકળતાં સત્તાની સ્પર્ધામાં સૌથી આગળ મનાતા ભાજપનું મોવડી મંડળ ચિંતામાં પડી ગયું છે. મુખ્યત્વે હિંદી પટ્ટાના અને હિંદુત્વના પુર સ્કર્તા ગણાતા રાજકીય પક્ષ માટે પશ્ચિમ બંગાળ, ઓડિશા, પૂર્વોત્તરનાં રાજયો અને દક્ષિણ ભારતનાં કર્ણાટક સિવાયનાં રાજયોમાં સમર્થન મેળવવાનું કામ ઘણું અઘરું જ ગણાતું રહ્યું છે. પરંતુ નરેન્દ્ર મોદીને 'વિકાસ પુરુષ' તરીકે આગળ ધરી ભાજપ એ ખોટ સરભર કરવાનો ઐતિહાસિક પુરુષાર્થ કરી રહ્યું છે. મોદી જયાં જાય ત્યાં એમને જોવા અને સાંભળવા લોકસમુદાય વિક્રમજનક સંખ્યામાં ઊમટી પડે છે. વચ્ચે અણધારી ત્રીજા મોરચાની સંભાવનાથી ભાજપ અને મોદી માટે દિલ્હી દૂર રહે એવી સ્થિતિ સરજાવા પામી છે. આવા મોરચાને સામાન્ય પ્રજા લક્ષમાં લેતી નથી, પણ પ્રાદેશિક કક્ષાએ એના ઘટક પક્ષો સારું કાઠું કાઢે એવી શકયતા હરહંમેશ રહ્યા જ કરી છે. એવી સ્થિતિમાં કેન્દ્રમાં સત્તા મેળવવા થનગની રહેલાં મુખ્ય ગઠબંધનો પૈકી કોઈ એક ગઠબંધન બહારથી ટેકો આપી એના મુખ્ય વિરોધી ગઠબંધનને સત્તા ઉપર આવતાં અટકાવી શકે. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ એકાદ વર્ષ પૂર્વે આ મતલબની રાજકીય આગાહી કરતો બ્લોગ લખ્યો હતો. તે સમયે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સહિત ભાજપના અડવાણી વિરોધી નેતાઓને એમના ભીષ્મપિતામહની નાક કાપીને અપશુકન કરવાની આ પદ્ધતિ ગમી નહોતી. પરંતુ અડવાણી તો જમાનાના ખાધેલ રીઢા રાજકારણી છે. એમનું ગણિત સાચું પડે એવી સંભાવના સરજાઈ રહી છે. બુધવારના રોજ દિલ્હીમાં અગિયાર પક્ષોએ હાથ મિલાવી બિનકોંગ્રેસી- બિનભાજપી સરકાર રચવા માટેના સંકલ્પ સાથે ચૂંટણી લડવાનો ઈરાદો દર્શાવ્યો હતો. ચાર ડાબેરી પક્ષો, સમાજવાદી પાર્ટી, જનતા દળ(યુ), અન્ના દ્રવિડ મુનેત્ર કળગમ, બીજુ જનતા દળ, આસામ ગણ પરિષદ, ઝારખંડ વિકાસ મોરચો તથા જનતાદળ (એસ) જેવા પ્રાદેશિક પક્ષોમાં પક્ષદીઠ મહત્ત્વાકાંક્ષી નેતાઓ છે, પરંતુ જો લોકસભામાં ચૂંટાયેલ સભ્ય સંખ્યાના આધારે નેતૃત્વ નક્કી કરવાનું સ્વીકારાશે તો દક્ષિણનાં સામ્રાજ્ઞી જયલલિતા જયરામ, ડાબેરી મોરચાના નેતા પ્રકાશ કરાત, જદ(યુ)ના નીતીશકુમાર અને સપાના મુલાયમસિંહ પૈકી કોઈ એક નેતાને આગળ કરી શકાશે. ત્રીજ મોરચામાં મમતા બેનરજી સામેલ થાય એવી નીતીશ કુમાર જેવા પ્રખમ મોદી-વિરોદી નેતાઓની ઈચ્છા છતાં સ્થાનિક કક્ષાએ મમતાને ડાબેરીઓની સામે લડવાનું ઠોઈ એ જોડાય એવી શકયતા નથી વરતાતી. નરેન્દ્ર મોદીએ કોલકતાની એમની ઐતિહાસિક રેલીમાં મમતા બેનરજી વિરુદ્ધ આક્રોશ ઠાલવવાનું ટાળ્યું હતું તે સૂચક છે. મોદી સાથે સદ્‌ભાવપૂર્ણ સંબંધો ધરાવતાં જયલલિતા ત્રીજા મોરચાના ઘટક પક્ષો એમને વડાપ્રધાનપદે સ્વીકારવા સંમત ન થાય તો ગમે તે ક્ષણે છટકી શકે એમ છે. શરદ યાદવ અને નીતિશકુમાર એનડીએના નેતા તરીકે અડવાણીની પુનઃસ્થાપના થાય તો એમને સમર્થન આપવા તૈયાર હશે. આમ, ત્રીજો મોરચો એ વિવિધ પ્રકારના આંતરવિરોધો ધરાવતાં નાનાં નાનાં ઘટકોના ઝમેલા જેવો મોરચો બની રહેવાની સંભાવના છે. તેથી જ કદાચ એમાં સામેલ થયેલા પ્રાદેશિક પક્ષો લોકસભાની ચૂંટણી પૂર્વે કોઈ જોડાણ કરવા નથી માગતા. દેશને ત્રીજા મોરચાનો અનુભવ બહુ સંતોષકારક નથી રહ્યો પરંતુ ઐતિહાસિક નોંધ તરીકે દક્ષિણ ભારતના પ્રથમ વડાપ્રધાન ત્રીજા મોરચાએ જ આપ્યા છે. દેવગોવડા ખેડૂત સમાજના અગ્રણી હતા, એમને હિંદી કે અંગ્રેજી સરખું આવડતું નહોતું પરંતુ સંજોગોએ એમને સર્વોચ્ચ પદે પહોંચાડી દીધા હતા. મોદી સાથેના ઘનિષ્ઠ સંબંધો છતાં જયલલિતાએ સામ્યવાદીઓ અને અન્ય મોદી વિરોદીઓ સાથે હાથ મિલાવ્યા છે તેની પાછળ દક્ષિણ ભારતનાં નેતા તરીકે એમની વડાપ્રધાનપદની મહેચ્છા પડેલી છે. અગાઉ બનેલી મોરચા સરકારો ભાજપ કે કોંગ્રેસે જ બહારથી ટેકો આપીને ગાદી પર બેસાડી હતી અને પછી અનુકૂળ સંજોગોમાં એમને ગબડાવવામાં પણ મુખ્ય રાષ્ટ્રીય પરિબળોએ જ ભાગ ભજવ્યો હતો. ત્રીજા મોરચાની અત્યાર સુધીની ત્રણ સરકારો માંડ એકાદ વરસ જ સત્તા પર રહી શકી છે. ૧૯૮૯-૯૦ દરમિયાન વી.પી.સિંહના નેતૃત્વ હેઠળની નેશનલ ફ્રંટની સરકાર અને તે પછીનાં વર્ષો દરમિયાન આવેલી યુનાઈટેડ ફ્રંટની એચ.ડી.દેવગોવડા અને ગુજરાલના નેતૃત્વવાળી સરકારોએ કોઈ કૌભાંડ નહોતાં કર્યાં, પરંતુ સંખ્યાબળના અભાવે એ લાંબી ચાલી નહોતી શકી. કોંગ્રેસને સત્તાબહાર રાખવા માગતા ભાજપના સાંસદોએ જ વિશ્વનાથ પ્રતાપસિંહને સત્તાનશીન કર્યા હતા અને પછી એમને મંડલ-કમંડલના ઝઘડામાં અટવાઈ જવું પડ્યું હતું. રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદીની લડાઈમાં ૨૦૧૪ની ચૂંટણીમાં પણ ત્રીજા મોરચાનો 'વાંદરો' ફાવી જાય એવી શકયતા નકારી શકાય એમ નથી. દિલ્હીમાં કેજરીવાલની તાજપોશીનું જરા જુદી રીતનું પુનરાવર્તન થાય તો વાંક કોનો કાઢશું?

'સિના તાન કે સલામી'... સ્વામિ વિવેકાનંદ શાળામાં જેસીઆઈએ ગાયું 'જન-મન-ગણ'

ગાંધીનગર, તા. ૬

ભારતના ૬૫માં પ્રજાસત્તાક દિને ગાંધીનગરમાં યુવાનોને ઘડતી સંસ્થા જેસીઆઈએ યુવાનોની ભારતની મહામુલી મૂડી ગણાવનાર સ્વામિ વિવેકાનંદના નામ સાથે સંકળાયેલી શાળામાં જ ભારતનાં ગૌરવ સમાન ત્રિરંગાને 'સિના તાન કે સલામી' આપી.

'જો તમને તમારી જાત પર જ શ્રદ્ધા નહી હોય તો તમે નાસ્તિક છો' એવું કહેનારા વિવેકાનંદના વિચારોને મૂર્તિમંત કરતાં આ શાળાના ચેરમેન, સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં સદાય અગ્રેસર અને ઈન્ટરનેશનલ યુથ લીડર એવા સંજીવ મહેતા, જેસીઆઈના પ્રમુખ સાત્વિ ત્રિવેદી અને અન્ય આમંત્રિતોની સલામી સાથે રાષ્ટ્રગીત 'જન-મન-ગણ'નું ગાન કરવામાં આવ્યું.

સંજીવ મહેતા પોતે એક અચ્છા ગાયક છે, સાંસ્કૃતિક કાર્યક્રમ એમની રગરગમાં છે, એમણે એમની શાળાના બાળકો પાસે સુંદર મહેનત કરાવીને અવિસ્મરણીય કાર્યક્રમ યોજ્યો હતો. દેશભક્તિ ગીતો પર નૃત્ય અને વ્યસનમુક્તિ અભિયાન નાટક સૌને સ્પર્શી ગયું હતું.

જેસીઆઈની યુવા ટીમે રાષ્ટ્રપ્રેમને સિંચીત કરવા પોતાની ટીમ સાથે ત્યાં હાજર હતી. પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સંજય નાયી, જીજ્ઞેશ બારોટ, ચિરાગ બગથરીયા, કિર્તી ઠાકોર, ભાવેશ ભાવસાર, નિકુંજ શુકલ, અભય શાહ અને શાળાના સૌ શિક્ષકોએ દેશભક્તિથી નિતરતો મસ્ત રંગારંગ કાર્યક્રમ સફળ બનાવ્યો. જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કે.કી. ભાવસારે લીડરશીપ, સમાજસેવાની સાથે રાષ્ટ્રપ્રેમથી પણ એમની ટીમ રંગાય એ માટે રાષ્ટ્રધ્વજને ટટ્ટાર સલામી આપી.

દરેક સંસ્થાએ પોતાના ઓડિટેડ હિસાબો વકફ બોર્ડ ખાતે જમા કરાવવા

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજય વકફ બોર્ડ કચેરી ગાંધીનગર ખાતે નોંધાયેલ તમામ વકફ સંસ્થાઓના ઓડીટ હિસાબો રજુ કરવા તેમજ બાકી ફાળાની રકમ તા. ૧૫, ફેબ્રુઆરી-૨૦૧૪ સુધીમાં અત્રેની કચેરીમાં જમા કરાવવા બોર્ડના મુખ્ય વહીવટી અધિકારીઓએ જણાવ્યું છે જેની સર્વે સંબંધિતોએ નોંધ લેવી.

રાજયના વકફ અધિનિયમ ૧૮૮૫ અને સુધારા અધિનિયમ ૨૦૧૩ની કલમ-૪૬ મુજબ વકફ સંસ્થાના હિસાબો અને કલમ-૪૭ મુજબ ઓડિટ હિસાબો રાજય વકફ બોર્ડ ગાંધીનગરની કચેરીમાં રજુ કરવાના હોય છે. ત્યારે રાજયમાં નોંધાયેલો વકફોએ વર્ષ ૨૦૧૩-૧૪ અંતિત નાણાંકીય વર્ષના હિસાબો મોડામાં મોડા તા. ૩૧ ડિસેમ્બર ૧૩ સુધી કચેરીમાં જમા કરાવવા તેમજ કલમ-૭૨ હેઠળ બોર્ડને વકફ ફાળો જમા કરાવવોજરુરી છે તેથી તમામ ટ્રસ્ટીઓ, મુતવલ્લીઓ, વહીવટકર્તાઓ છેલ્લા વર્ષના બિસાબો અને બાકી હિસાબો તા. ૧૫ ફેબ્રુઆરી સુધી કચેરી ખાતે જમા કરાવી દેવા.

જેમાં સંસ્થાઓએ રેકર્ડની ખાતરી કરી લેવી તમજ ફેરફાર જણાય તો કચેરીમાં એ-૪ કલર ફોટોગ્રાફ ૭/૧૨, ૮/અના ઉતારા રેકર્ડ, નકશા સહિત કચેરીનો સંપર્ક સાધવો તેમ વહીવટી અધિકારીએ જણાવ્યું છે.

પર્સનલ ડેવલપમેન્ટ સ્કૂલ એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર ઈન્ટ્રનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે ઔરંગાબાદની પર્સનલ ડેવલપમેન્ટ એકેડમી દ્વારા નેશનલ કક્ષાની ચિત્રકામ અને સુહસ્તાક્ષર પ્રતિયોગીતા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. અને આ પ્રસંગે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલને બેસ્ટ સ્કૂલ તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સે. ૨૧ ખાતે આવેલી માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ તા. ૮મી ફેબ્રુઆરી શનિવારે બપોરે ૨.૪૫ વાગે સેક્ટર-૧૭માં આવેલ ટાઉનહોલ ખાતે ઉજવાશે. આ વાર્ષિકોત્સવમાં એર વાઈસ માર્શલ ટી.ડી. જોસેફ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

શહેરની વિખ્યાત માઉન્ટ કાર્મેલ સ્કૂલનો વાર્ષિક દિન ખૂબ રંગેચંગે યોજાનાર છે. જેના શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સર્જનાત્મક કૃતિઓ રજૂ કરશે. આ કાર્યક્રમમાં એરફોર્સના એર વાઈસ માર્શલ ટી.ડી. જોસેફ મુખ્ય અતિથિ અને રજીસ્ટ્રેશન એન્ડ સ્ટેમ્પ વિભાગના ઈન્સ્પેકટર જનરલ લોચન સેહરા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધારશે.

વણકર સમાજનો દશાબ્દી અને સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૬

શ્રી ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજનો દશાબ્દી મહોત્સવ તા. ૮ ફેબ્રુઆરી, શનિવાર ટાઉનહોલ સામેની લોનમાં યોજવામાં આવશે અને તા. ૯ ફેબ્રુઆરી રવિવારે ઉપરોક્ત સ્થળે સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવશે. જેમાં ૪૧ યુગલો પ્રભુતામાં પગલા પાડશે.

બસોબ્યાસી વણકર સમાજ દ્વારા આગામી તા. ૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ ટાઉનહોલ સામે લોનમાં દશાબ્દી અને સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવશે. આ પ્રસંગે રાજ્ય સભાના સંસદસભ્ય શંભુપ્રસાદ ટુંડીયા, મંત્રી રમણલાલ વોરા, રતીલાલ વોરા, કિરીટભાઈ સોલંકી, કરશનદાસ સોનેરી અને ગુજરાતના મેઘા સ્ટાર મહેશ-નરેશ કનોડિયા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોને પધારવા જણાવાયુ છે.

હરિની દૃષ્ટિ...

પપ્પા, ચિંતા કરશો નહીં હું અને ભાઇ તમને શીખવી દઇશું...!!

સેક્ટર-૨૨ના વિદ્યાભારતી કેન્દ્રમાં દંપતિ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૬

વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન સાથે સંબંધ સે. ૨૨માં આવેલ વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંસોધન કેન્દ્ર દ્વારા ગત તા. ૨જી ફેબ્રુઆરીએ દંપતિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૨.૩૦ થી ૬.૩૦ વાગ્યાના ગાળામાં યોજાયેલ આ સંમેલનમાં કુલ ૬૦ દંપતિઓએ ભાગ લીધો હતો.

બાળ ઉછેર અને વિકાસ અંગે મુંઝવણ અનુભવતા દંપતિઓને રાહ બતાવવાના હેતુથી યોજાયેલા કાર્યક્રમનું ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું હતું. હર્ષદભાઈએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં માતૃભાષાનું મહત્વ ખૂબ જ સરસ રીતે સમજાવ્યું હતું. આ ઉપરાંત સમારંભના મુખ્ય વક્તા જ્યોતિબેન થાનકીએ બાળકના વિકાસમાં માતા-પિતાના યોગદાન અંગે પ્રકાશ પાડ્યો હતો જયારે ઋતાબેન પરમારે બાળકના વિકાસમાં પાયાના શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં સંજયભાઈએ અમૃતવચન રજૂ કર્યા હતા અને મીરાબહેને પ્રસંગને અનુરૂપ ગીત ગાયું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર દંપતિઓએ તેમને મુંઝવતા પ્રશ્નો પુછીને તેનો ઉકેલ મેળવવા કોશીષ કરી હતી.

આ કાર્યક્રમમાં અંતમાં બાળકો અને દંપતિઓએ સંગીત ખુરશી અને શબ્દ રમત જેવી રમતોનો આનંદ પણ ઉઠાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન પંડ્યાએ સુંદર રીતે કર્યું હતું.

ગરો બ્રાહ્મણ સમાજ ૧૨મો સમૂહલગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૬

બસોબ્યાસી નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજનો બારમો સમૂહ લગ્નોત્સવ તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ લાગણજ ગામ રત્નોતર બ્રાહ્મણ વસ્તી પંચ દ્વારા લાગણજ, જિ. મહેસાણા ખાતે યોજવામાં આવશે. સમૂહ લગ્નમાં ૧૫ યુગલો પ્રભુતામાં પગલા પાડશે.

મહેસાણાના લાગણજ ખાતે રત્નોત્તર બ્રાહ્મણ વસ્તી પંચ દ્વારા ૧૨મો સમૂહ લગ્નોત્સવ તા. ૧૦ના રોજ યોજવામાં આવશે. આ પ્રસંગે મંત્રી રમણલાલ વોરા, ઉદ્યોગપતિ સવિતાબેન કોલસાવાળા, ઠાકોર અગ્રણી ગમાજી ઠાકોર, પછાત વિકાસ બોર્ડના સભ્ય પ્રવિણભાઈ પંડ્યા, પ્રમુખ દેવેનભાઈ પંડ્યા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

સમૂહ લગ્નમાં પ્રભુતામાં પગલા પાડતા દંપતિઓને સમાજના અગ્રણીઓ દ્વારા પલંગ, સોના, ચાંદીના દાગીના, પાનેતર, સહિતની સામગ્રી ભેટ સ્વરૂપે આપવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

આજે મા ખોડિયારનો પ્રાગટ્યદિન

સર્વ મંગળ માંગલ્યે, શિવે સર્વાર્થ સાધિકે,
શરણ્યં ત્ર્યબંકે ગૌરી, નારાયણી નમોસ્તુતેઃ ॥

જગત જનની મા ઉમિયાનું સ્વરૂપ મા ખોડિયારના પૂજન અર્ચન, આરાધના થકી પરિવારમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ અને ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. ભય, ક્રોધ, કલેશ, દુઃખ, દરિદ્ર અને આધિ-વ્યાધિ ઉપાધિ જેવા સાંસારિક તાપોથી આપણી રક્ષા થાય છે.

શિવજીના આદેશથી મા પાર્વતિએ પાતાળ લોકમાં વાસુકિના ઘેર સાત ભાગમાં વહેંચાઈને જન્મ લીધો, હકીકતમાં પૃથ્વી પર મા જગદંબાની શક્તિ રૂપે તે જ એક સાથે સહન ન થાય તેમ હોઈ સાત બહેનો સ્વરરૂપે પ્રગટ થયા. આ સાત બહેનોમાં સૌથી નાની બહેન જાનબાઈ સાક્ષાત જગદંબા મા ભગવતીનો અવતાર પરમ શક્તિશાળી અને પરમ જયોતિ સ્વરૂપે હતા. આ જાનબાઈએ જ ખમકારી મા ખોડલ પરચાવાળી ખોડિયાર.

મા ખોડિયાળના અન્યા નામો...

જાનબાઈ, ખોડલ, ત્રિશૂળધારી, તાંતણિયા ધરાવાળી, માટેલ ધરાવાળી, ગળધરાવાળી, ખોડલ ખમકારી, મા માવડી ખડદ ખપ્પરવાળી , મોમડિયાની બાળા, વરુડી, પરચાવાળી, ભોળીયાળી, લેઉવા પાટીદારો અને ગોહિલ વાડના રાજવી વંશની કુળદેવી, શિહોરના ડુંગરવાળી મા ખોડિયા.

ખોડિયાર માતાનું મૂળ નામ : જાનબાઈ
ખોડિયાર માતાનું હથિયાર : ત્રિશૂળ
ખોડિયાર માતાનું વાહન : મગર
ખોડિયાર માતાનો પ્રસાદ : લાપસી (કંસાર)
ખોડચ્યાર માતાનો જન્મ દિવસ : મહા સુદ આઠમ રવિવાર.

ખોડિયાર માતાનું જન્મ સ્થળ : સૌરાષ્ટ્રના ગોહિલવાડ પંથકમાં પાળિયાદ પાસે રોહિસરા ગામમાં.

ખોડિયાર માતાના માતા : દેવળભાઈ (મીણભાઈ, મિનલ દે)
ખોડિયાર માતાના પિતા : મામણિયો ગઢવી
ખોડિયાર માતાની બહેનો : આવળ, જોગળ, તોગળ, હોલબાઈ, બીજબાઈ અને સાંચાઈ
ખોડિયાર માતાનો ભાઈ : મેરખિયો (મેરલ)
ખોડિયાર માતાના વાર : મંગળવાર અને રવિવાર.

મા ભગવતી ખોડિયારે જોગમાયા સ્વરૂપે પ્રગટ થઈને શ્રદ્ધાળુઓ અને ભક્તોના મોહ, માયા, કષ્ટો કાપીને સુખ-શાંતિ સમૃદ્ધિ, ઐશ્વર્ય અને અભય વરદાન આપ્યું છે. આજે સમગ્ર ગુજરાત વિશેષતઃ સૌરાષ્ટ્ર પંથકમાં ડુંગરે, ડુંગરે, જળાશયોના તટ પર ગામે ગામ મા ખોડિયારના શ્રદ્ધાવાન સ્થાનકો છે.

આઈશ્રી મા ખોડિયારના દર્શનીય ધામો :
ધામી પાસે ગળધરા પર મા ખોડિયારનું સ્થાનક
રાજપરા ગામે તાંતણિયા ધરા પર સ્થાનક
માટેલ ગામમાં માટેલિયા ધરા પર સ્થાનક
વરાણા ખાતે મા ખોડિયારનું સ્થાનક
જેતપુર તાલુકાના કાગવડ ગામમાં મા ખોડલધામ
ધાંધલપર ગામમાં ધૂંધળીના ધુણાની જગાએ સ્થાનક
પિયાવા ગામના પાદરે મા ખોડિયારનું સ્થાનક
ભાડલા ગામના પાદરમાં માનું સ્થાનક
સાણંદ તાલુકાના ચાચરાવાડી વાસણ ગામમાં સ્થાનાંક
સૌરાષ્ટ્ર- ગોહિલવાડમાં ભાવેણા- ભાવનગર શહેર પાસે સ્થાનાંક
અમદાવાદ સિવિલ હોસ્પિટલ પાસે સ્થાનાંક હસનપુર ગામની મા ખોડિયાર

માનવી જયારે પ્રકૃતિ અને ધર્મની અવગણના કરી તેનાથી વિમુખ બને છે, ત્યારે તેના મનમાં રાગ, દ્વેષ, ઈર્ષા, ભય, સંશય, અભિયાન જેવી આસરી નકારાત્મશક્તિઓનો ઉપદ્રવ વધે છે. આવા સમએ સકારાત્મક શક્તિ-ઊર્જા પાસે જાય છે અને અંતે સત્યના માર્ગે વિજય મેળવે છે.

મા ખોડિયારના પ્રાગટ્યનો ઈતિહાસ

સૌરાષ્ટ્રની પુણ્યશાળી ભૂમિમાં ગોહિલવાડ પંથકમાં પાળિયાદ પાસેના રોઈસરા ગામમાં મામળિયો ગઢવી અતિ ભક્તિનિષ્ઠ ચારણ હતો. ગુણિયલ અને ભક્તિભાવ સંસ્કારી દેવળબાઈ જેવી પત્ની સાથે હતા. દંપતી સાદાઈથી સેવા પરાયણ જીવન જીવતા હતા. દેવળબાઈનું પિયર વલ્લભીપુર ગામે હતું એમનાં માતા-પિતા પણ શિવભકત હોઈ ભક્તિના સંસ્કારથી ભક્તિમાં મન પરોવી દીધું હતું.

વલ્લભીપુરના તે વખતના રાજવી શીલાભદ્ર કવિ-કલા, સંગીતના કદર કરનારા રાજવી હતી. મા-સરસ્વતીની કૃપાથી મામદેવનું કવિ ચારણ-ગઢવી તરીકે સારું એવું નામ હતું .મામળદેવ સ્તુતિઓ, છંદો અને કવિતા રચીને શીલભદ્રના રાજદરબારમાં જતા અને રચનાઓ ગાઈ સંભળાવતા, બુદ્ધિશાળી વિદ્વાન કવિ તરીકે એમની ખ્યાતિ હતી. એમની રચનાઓથી રાજા પ્રભાવિત થતા હતા. આ રીતે કવિતા, સાહિત્ય અને છંદ-સંગીતના કારણે કલા અને કલાભક્તિના સંબંધો ગાર બનતા ગયા, રાજ દરબારમાં ચારણ કવિ મામડદેવનું માનઃપાન વધી ગયા.

રાજા શીલીભદ્રના દરબારમાં મામડદેવના વધેલા માન દેખી રાજના મંત્રીઓ, દરબારીઓ અને શ્રેષ્ઠીઓના દિલમાં ઈર્ષા બીજ વવાણા તેઓ મામડદેવ જેવા પવિત્ર માનવીની વિરુદ્ધમાં રાજાને કાન ભંભેરણી કરવા લાગ્યા. શરૂઆતમાં રાજા આવી વાતોને ખોટી માની હસી કાઢતો તેથી

પ્રસંગસર

- શાંતિભાઇ બી. પટેલ

ઈર્ષાળુઓ વધુને વધુ જલતા હતા. છેવટે આ બધાએ રાજ પુરોહિતને પોતાના પક્ષમાં લેવાનો પેતરો રચ્યો. અંતે મામડદેવને કોઈ સંતાન ન હોવાથી તે અપ્રજ- વાંઝિયો છે અને શાસ્ત્રમાં કહ્યું છે કે વાંઝિયાનું મોં જોવાથી વિપત્તિ ઉતરે. એવી ભ્રામક વાર્તાથી રાજાને ભરમાવી દીધા.

બીજા દિવસે જયારે મામડદેવ રાજદરબારમાં આવ્યા ત્યારે ખુદ રાજા આડું જોઈને બોલ્યાં મામડદેવ પુત્ર હોવા ન હોવા એ તો વિધાતાના હાથની વાત છે પણ એક વાત ચોક્કસ કે વાંઝિયાનું મોં જોવું એ મોટું પાપ છે.. તમે વાંઝિયા છો હવેથી દરબારમાં આવવાનું બંધ કરી દો. જાવ, રાજય માથે કોઈક આફત ઉતરે એ પહેલાં અહીંથી ચાલ્યા જાઓ. મામડિયાને આ વાતથી ખૂબ જ દુઃખ થયું. ઘોર અપમાન થયું અને અપમાન સહન ન થતાં ઘેર પાછા આવ્યા. સાક્ષાત લક્ષ્મી સ્વરૂપ પત્ની દેવળબાઈ સાથે સઘળી હકીકત જણાવી પત્તનીની રજા લઈ મામડદેવ વિદાય થયા. રોઈસરા ગામથી થોડેક દૂર જંગલમાં જૂનું પુરાણું અંક શિવાલય હતું ને તેની પાસે જ રળિયામણું સરોવર હતું ત્યાં જઈ મામળદેવ સ્નાન કર્યું અને શુદ્ધ પવિત્ર દિલથી ભગવાન શંકરની આરાધના કરવા લાગ્યા, એક દિવસ, બે દિવસ અને ત્રણ દિવસ વીતી ગયા મામળદેવે અન્નજળનો ત્યાગ કર્યો. રોજ રોજ એક એક કમળ શિવલિંગ ઉપર ધરાવે છે સાત સાત દિવસ રાત્રિઓ વીતી ગઈ આકરી તપશ્ચર્યા પછી પણ ભગવાન શંકરના દર્શન ન થતાં છેવટે પોતાના મસ્તક કમળને ચઢાવવા હાથમાં ખુલ્લી તલવાર લઈ પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા, 'હે ભોળાનાથ! હવે દર્શન દો નાથ નહીં તો આ આઠમું કમળ ભાવથી સ્વીકારી લો! આમ બોલીને ગરદન પર તલવાર મૂકી. શુદ્ધ દિલથી અને પવિત્ર પ્રેમ ભક્તિથી તુરંત ભોળાનાથ શિવ અને પાર્વતી એ દર્શન આપ્યા. મામડદેવ ભોળાનાથના ચરણોમાં ઢળી પડ્યા. ભોળાનાથે મા પાર્વતિએ ઈસારો કર્યો. હવે તમે તમારી શક્તિ રૂપે તેજ પૃથ્વી ઉપર ઉતારી મામળદેવને ઉગારી લો. મા પાર્વતિ (ઉમિયા)ને પૃથ્વી પર અવતાર તેમની અપાર શક્તિનો સ્રોત કદાચ આ પૃથ્વી સહન ન કરી શકે તેવું લાગતાં સાત ભાગમાં સાત દૈવી શક્તિઓમાં વહેંચાઈને અને મામળદેવને દીકરીઓ હોવા છતાં તે અપુજ ન રીતે આઠમા પુત્ર તરીકે સાક્ષાત લક્ષ્મી સ્વરૂપે દેવળભાઈના કૂખેથી મહાસુદ આઠમ અને રવિવારે મામળદેવના ઘેર સાત દિકરીઓ અને એક દિકરાએ જન્મ લીધો.

સમય જતાં બધા જ સંતાનો મોટા થવા લાગ્યા. એક દિવસ ભાઈ મેરલ ખેતરમાં કામ કરતો હતો અને નાગ દેવતાએ તેને દંશ દીધો. સાપના ઝેરથી મેરલદેવનું મૃત્યુ થયું. સૌથી નાની બહેન જાનબાઈ તો સ્વયં દૈવી શક્તિનું સ્વરૂપ હતા. મેરખીયાના ઈલાજ માટે પાતાળલોકમાં અમૃતકુંભ લેવા નાગરાજા (વાસૂકી) પાસે ગયા. આ સમયે ભાઈની ચિંતા અને ઉતાવળ